# ભારત અને દક્ષિણ કોરિયા વચ્ચે સાત સમજૂતિઓ પર હસ્તાક્ષર

શિયોલ,તા. ૧૮

ભારત અને દક્ષિણ કોરિયા વચ્ચે આજે સાત દ્વિપક્ષીય સમજૂતિ ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. ખાસ વ્યૂહાત્મક ભાગીદારીની નવી ઉંચાઈ ઉપર લઈ જવા માટે આ સમજૂતિ કરવામાં આવી હતી. આ અગાઉ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દક્ષિણ કોરિયાના પ્રમુખ પાર્ક ગુએન હાઈની સાથે રાષ્ટ્રપતિ ભવન ચેઓંગ વાઈ દેઈમાં જુદા જુદા વિષયો ઉપર શિખર મંત્રણા કરી હતી. આ વાતચીત દરમિયાન દ્વિપક્ષી સંબંધોને વધુ મજબૂત કરવા, વિવિધ ક્ષેત્રોમાં સહકાર વધારવાના મુદ્દા છવાયેલા રહ્યા હતા. બંને દેશો વચ્ચે જે સાત સમજૂતિ થઈ છે તેમાં બેવડા કરવેરાને નાબૂદ કરવા માટે અને આવક પર ટેક્સના સંદર્ભમાં કરચોરીને રોકવાના મુદ્દા ઉપર બંને દેશો વચ્ચે સમજૂતિ થઈ હતી. ઉપરાંત ઓડિયો વિઝ્યુઅલ સહ ઉત્પાદનમાં સહકારને વધારવાના મુદ્દા ઉપર બંને દેશો વચ્ચે સમજૂતિ કરી હતી. મંગળવારે મોદી અને દક્ષિણ કોરિયન પ્રમુખ પાર્ક શિયોલમાં છઠ્ઠી એશિયન લીડરશીપ બેઠકમાં હાજરી આપશે. મોદી બિઝનેસ કાર્યક્રમમાં ભાગ લેશે. તેઓ ઈન્ડિયા-રિપબ્લિક સીઈઓમાં પણ હાજરી આપનાર છે. ત્યારબાદ તેઓ કોરિયન કંપનીઓના ટોપ સીઈઓ સાથે વાતચીત કરશે. કોરિયામાં ભારતીય સમુદાયને પણ મળશે. અગાઉ વડાપ્રધાન નરેન્દ્ર



મોદી ચીન અને મોંગોલિયાની ઐતિહાસિક અને સફળ યાત્રાને પૂર્ણ કરીને આજે સવારે દક્ષિણ કોરિયાના પાટનગર શિયોલ પહોંચી ગયા હતા. શિયોલમાં પહોંચ્યા બાદ તેમનુ શાનદાર સ્વાગત કરવામાં આવ્યુ હતુ. મોદી દક્ષિણ કોરિયના પાટનગરમાં પહોંચ્યા બાદ જુદા જુદા કાર્યક્રમોમાં વ્યસ્ત થઈ ગયા હતા. તેઓ ૧૮-૧૯મી મેના દિવસ બે દિવસ કોરિયામાં રહેશે. શિયોલ પહોંચતા પહેલા મોદીએ દેશમાં શાનદાર સ્વાગત કરવા અને તેમને સન્માન આપવા બદલ મોંગોલિયાની સરકાર અને લોકોનો આભાર માન્યો હતો.

નરેન્દ્ર મોદી ત્રણ દેશોના તેમના ઐતિહાસિક પ્રવાસના બીજા તબક્કામાં મોંગોલિયા પહોંચ્યા હતા. મોદી મોંગોલિયા પહોંચ્યા બાદ મોદીએ મોંગોલિયાની સંસદને ઐતિહાસિક સંબોંધન કર્યું હતું જેમાં મોદીએ બંને દેશો વચ્ચેના સંબંધોને નવી ઉંચાઈ ઉપર લઈ જવાની વાત કરી હતી. આઅગાઉ તેમના નેતૃત્વમાં ભારત અને મોંગોલિયા વચ્ચે ૧૪ સમજૂતિઓ ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. મોદી મોંગોલિયાની યાત્રા કરનાર પ્રથમ વડાપ્રધાન બનવાની સિદ્ધિ પણ મેળવી ગયા હતા. મોંગોલિયાના પ્રવાસે પહોંચતા પહેલા મોદી ત્રણ દિવસ ચીનમાં રહ્યા હતા. જ્યા તેઓએ ચીની પ્રમુખ અને વડાપ્રધાન સાથે સફળ બેઠકો યોજી હતી. ચીનના ઐતિહાસિક અને સીમાચિહ્નરૂપી પ્રવાસે પહોંચ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપી હતી. ચીન યાત્રાના ત્રીજા દિવસે મોદી શંઘાઈમાં છવાયેલા રહ્યા હતા. શંઘાઈમાં ૨૨ અબજ ડોલરની કિંમતના ભારત અને ચીન વચ્ચે ૨૧ બિઝનેસ કરાર પર હસ્તાક્ષર થયા હતા. મોદીએ ચીનના ટોપના સીઈઓ સાથે બેઠક કરી હતી. જેમાં મોદીએ ભારતમાં મોટા પાયે રોકાણ કરવાની રોકાણકારોને અપીલ કરી હતી.

## દક્ષિણ કોરિયા પહોંચ્યા બાદ મોદીનું શાનદાર સ્વાગત
### કઈ સાત સમજૂતિઓ કરાઈ



સિયોલ, તા. ૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચીન અને મોંગોલિયાની ઐતિહાસિક અને સફળ યાત્રાને પૂર્ણ કરીને આજે સવારે દક્ષિણ કોરિયાના પાટનગર શિયોલ પહોંચી ગયા હતા. શિયોલમાં પહોંચ્યા બાદ તેમનુ શાનદાર સ્વાગત કરવામાં આવ્યું હતુ. મોદી દક્ષિણ કોરિયન નેતાઓ સાથે આર્થિક અને વેપાર સહકારને વધારી દેવા માટે કટિબદ્ધ દેખાયા હતા. છેલ્લા બે દશકથી કોરિયા સાથે દ્વિપક્ષીય વેપાર કારોબાર વધી રહ્યો છે. મોદી દક્ષિણ કોરિયના પાટનગરમાં પહોંચ્યા બાદ જુદા જુદા કાર્યક્રમોમાં વ્યસ્ત થઈ ગયા હતા. ભારત અને દક્ષિણ કોરિયા વચ્ચે કઈ સાત સમજૂતિ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે જે સૌથી મહત્વપૂર્ણ સમજૂતિ છે તેમાં બંને દેશો વચ્ચે બેવડા કરવેરાને ટાળવાની સમજૂતિ તથા ઓડિયો વિઝ્યુઅલ કો-પ્રોડક્શનના ક્ષેત્રમાં મહત્વની સમજૂતિનો સમાવેશ થાય છે. આવનાર દિવસોમાં આ સમજૂતિ ખુબ અસરકારક બની શકે છે. તે નીચે મુજબ છે.

૧. બેવડા કરવેરાથી બચવા અને ટાળવા તથા આવક ઉપર ટેક્સના સંદર્ભમાં નાણાંકીય કરચોરીને રોકવાના મુદ્દા ઉપર સમજૂતિ
૨. ઓડિયો-વિઝ્યુઅલ સહઉત્પાદનના સહકાર વધારવાના મુદ્દા ઉપર બંને દેશો વચ્ચે સમજૂતિ
૩. નેશનલ સિક્યુરિટી કાઉન્સિલ અને ઓફિસ ઓફ નેશનલ સિક્યુરિટી ઓફ રિપબ્લિક ઓફ કોરિયા વચ્ચે સહકાર માટે સમજૂતિ
૪. ઈલેક્ટ્રીક પાવર ડેવલપમેન્ટ અને ન્યુ એનર્જી ઈન્ડસ્ટ્રીના ક્ષેત્રમાં સહકાર સાથે સંબંધિત મામલાઓ ઉપર બંને દેશો વચ્ચે સમજૂતિ થઈ
૫. યુવા બાબતો પર સહકારના મુદ્દા ઉપર દક્ષિણ કોરિયા ગણરાજ્યના પરિવાર કલ્યાણ મંત્રાલય અને યુવા બાબતો અને રમત-ગમત મંત્રાલવ વચ્ચે સમજૂતિ
૬. માર્ગ પરિવહન અને હાઈવેના ક્ષેત્રમાં સહકારને વધારવા માટે માર્ગ પરિવહન મંત્રાલય અને દક્ષિણ કોરિયન પરિવહન મંત્રાલય વચ્ચે કરાર
૭. મેરિટાઈમ પરિવહન અને લોજીસ્ટિકના ક્ષેત્રમાં બંને દેશો વચ્ચે સમજૂતિ. આ સમજૂતિ ભારતને શિપિંગ મંત્રાલય અને કોરિયાના મત્સ્ય ઉદ્યોગ મંત્રાલય વચ્ચે કરાઈ

**ઇરાકમાં આઈએસે મોટા પાયે રક્તપાત સર્જ્યો**

## રામાદીમાં ૫૦૦થી વધારે નાગરિકોની કરપીણ હત્યા

વોશિંગ્ટન, તા. ૧૮

સિરિયામાં લશ્કરી કાર્યવાહીમાં ઈસ્લામિક સ્ટેટના કમાન્ડર અબુ સયાફને મોતને ઘાટ અમેરિકી જવાનોએ ઉતારી દીધાના બે દિવસ બાદ આઈએસઆઈએસે ઈરાકમાં ભારે રક્તપાત સર્જ્યો છે. આ આતંકવાદી સંગઠને ઈરાકના રામાદીમાં રક્તપાત સર્જીને મોટી સંખ્યામાં ઈરાકી લોકોને મોતને ઘાટ ઉતારી દીધા છે. મળેલી માહિતી મુજબ આશરે ૫૦૦ લોકોને આ લોકોએ મોતને ઘાટ ઉતારી દીધા છે. આત્મઘાતી હુમલા અને સામૂહિક હત્યાકાંડ સર્જવામાં આવી રહ્યા છે.



૮૦૦૦ લોકો ભયના કારણે અન્યત્ર જતા રહ્યા છે. ઈરાકના અનબર પ્રાંતના ગવર્નરે માહિતી આપતા કહ્યું છે કે, લોકો વાહનો છોડીને પણ ભાગી ગયા છે.

આશરે ૫૦૦ લોકોને મોતને ઘાટ ઉતારી દેવાયા છે. બીજી બાજુ અમેરિકાના વિદેશમંત્રી જ્હોન કેરીએ કહ્યું છે કે, રામાદીમાં સ્થિતિ ટુંકમાં સુધરી હતી. સૈનિકોને ફરી તૈનાત કરવામાં આવશે. સિઓલમાં પત્રકાર પરિષદને સંબોધતા કેરીએ કહ્યું હતું કે, રામાદીને ઈસ્લામિક આતંકવાદીઓ ટાર્ગેટ બનાવી રહ્યા છે. અગાઉ પેન્ટાગોને કહ્યું હતું કે, આઈએસઆઈએસના હાથમાં આ શહેર આવ્યું છે તેવા અહેવાલ નથી પરંતુ હવે એવું જાણવા મળ્યું છે કે, આ શહેર ઉપર આઈએસે અંકુશ જમાવી લીધો છે. ઈરાક દ્વારા સૈનિકો મોકલવાના પ્રયાસો થઈ ચુક્યા છે. અમેરિકા પણ મદદરુપ થનાર છે.

## બદલાની રાજનીતિમાં મોદી સરકાર ગળાડૂબ છે : રાહુલ

અમેઠી, તા. ૧૮

કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ આજે તેમના વિદેશ પ્રવાસના મુદ્દે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જોરદાર ઝાટકણી કાઢી હતી. પોતાના મતવિસ્તાર અમેઠીમાં પહોંચેલા રાહુલ ગાંધીએ મોદી સરકારની ઝાટકણી કાઢતા કહ્યું હતું કે, મોદી સમગ્ર વિશ્વમાં પ્રવાસ કરી રહ્યા છે પરંતુ આત્મહત્યા કરી રહેલા ખેડૂતોના પરિવારને મળવા માટે તેમની પાસે સમય નથી. મેગા ફુડ પાર્ક રદ કરવાને લઈને વિરોધ કરવા અમેઠી પહોંચેલા રાહુલ ગાંધીએ ખેડૂતો પાસેથી તક ઝડપી લેવાનો મોદી ઉપર આક્ષેપ કર્યો હતો. રાહુલે એમ પણ કહ્યું હતું કે, ફુડ પાર્કના કારણે અમેઠીના ચહેરાને બદલી શકાયો હોત. આનાથી ખેડૂતોને પણ લાભ થયો હોત. જો કે, ખેડૂતો પાસેથી ઘણી બધી તકો લઈ લીધી છે. રાહુલે એમપણ કહ્યું હતું કે,



કોંગ્રેસ પાર્ટી ખેડૂતો માટે છેલ્લે સુધી લડત ચલાવશે. ભાજપના નેતૃત્વમાં નવી સરકારની આ હિલચાલથી અમેઠીના ખેડૂતો અને મજુરોને માઠી અસર થઈ છે. ૧૦ પડોશી જિલ્લાઓને પણ અસર થઈ છે. અમેઠી પાર્કને લઈને હાલમાં ભારે હોબાળો થયેલો છે. કેન્દ્ર સરકાર તેમનાથી બદલો લેવાના પ્રયાસ કરી રહી છે પરંતુ આ હિલચાલથી અસર ખેડૂતોને થઈ રહી છે. જો ફુડ પાર્કની રચના થઈ હોત તો ખેડૂતોના ભાવિને બદલી શકવાની સ્થિતિ હતી પરંતુ આને રદ કરીને મોદી સરકારે ખેડૂતોને મરણતોડ ફટકો આપી દીધો છે. રાહુલે કહ્યું હતું કે, મોદીએ લોકો પાસેથી જમીનો લઈ લીધી છે. ભાજપ દ્વારા ખેડૂતો સાથે અન્યાય કરવામાં આવી રહ્યો છે. આ સરકાર ઉદ્યોગપતિઓની બની ચુકી છે. સામાન્ય લોકોની રહી નથી. કોંગ્રેસના ઉપપ્રમુખે એમ પણ કહ્યું હતું કે, તેઓ એનડીએ સરકારને ખેડૂતો અને મજુરોના મુદ્દાને હાથ ધરવાના મામલે ૧૦માંથી શૂન્ય માર્ક આપે છે. તેમના મતવિસ્તારની બેદરકારી કરવાનો રાહુલ ઉપર આક્ષેપ કરાઈ રહ્યો છે ત્યારે રાહુલ અમેઠી પહોંચ્યા છે. હાલમાં જ અમેઠીની મુલાકાત લેનાર માનવ સંશાધન વિકાસમંત્રી સ્મૃતિ ઈરાનીએ કહ્યું હતું કે, કોંગ્રેસના ઉપપ્રમુખ તેમના મતવિસ્તારના લોકોને અને સંસદને ગેરમાર્ગેદોરી રહ્યા છે. ફુડ પાર્કના મુદ્દાને બિનજરૂરીરીતે ચગાવી રહ્યા છે.

## ધરતીકંપ : ૪૦ ટકા લોકોના આરોગ્ય પર પ્રતિકુળ અસર

પટણા,તા. ૧૮

ભૂકંપના કારણે ૪૦ ટકા જેટલા લોકોના આરોગ્ય પર પ્રતિકુળ અસર થઈ છે. બિહારમાં તાજેતરમા આવેલા ભૂકંપ બાદ કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબનો દાવો કરવામાં આવ્યો છે. બિહારમાં ૨૫મી એપ્રિલના દિવસે નેપાળમાં વિનાશકારી ધરતીકંપ આવ્યા બાદ તેની અસર હેઠળ પ્રચંડ આંચકો આવ્યો હતો. લોકો એકબાજુ હજુ પણ ભયહેઠળ છે. બીજી બાજુ લોકોને જુદી જુદી બિમારી પણ નડી રહી છે. પટણા એમ્સના ડિરેક્ટર જીકે સિંહે કહ્યું છે કે પટમા એમ્સ અને નેપાળના નિષ્ણાંતો દ્વારા કરવામાં આવેલા અભ્યાસ બાદ એવુ જાણવા મળ્યું છે કે ૨૫મી એપ્રિલના દિવસે આવેલા ધરતીકંપ બાદ લોકો જુદા જુદા દુખાવા, ચક્કર આવવા, ઉલ્ટી થવાની, ગુંચવણીમાં રહેવા અને ભય જેવી જુદી જુદી ફરિયાદો કરી રહ્યા છે. તેમણે કહ્યું છે કે આ પ્રકારની બિમારીના લક્ષણ મોટા ભાગે જ્યાં ભૂકંપ આવી રહ્યા છે તે વિસ્તારમાં જોવા મળે છે. આનુ નામ પોસ્ટ નેપાળ-ઈન્ડિયા ભૂકંપ સિન્ડ્રોમ (પીનાઈસ) આપવામાં આવ્યું છે. પ્રભાવિત વિસ્તારમાં કોસીથી લઈને ગોરખપુર સુધી અને ઉત્તર નેપાળથી લઈને બિહારના પાટનગર પટણા, ભાગલપુર, દરભંગા, બેતિયા, મોતિહારી, વેશાલી જેવા ક્ષેત્રોમાં જોવા મળે છે.

તબીબોના કહેવા મુજબ હાલના વિનાશકારી ભૂકંપ બાદ તેની અસર વહેલી તકે દુર થશે નહી. પરંતુ જેમ જેમ સમય બદલશે તેમે તેમ તેની અસર ઘટતી જશે. નેપાળ અને ભારતમાં હાલમાં બે વખત પ્રચંડ આંચકા આવી ચુક્યા છે. નેપાળમાં આ આંચકાથી ૮૫૦૦થી વધારે લોકોના મોત થયા છે. જ્યારે ભારતમાં પણ સેંકડો લોકોના મોત થયા છે. બન્ને દેશોમાં મોટી સંખ્યામાં લોકો બેઘર પણ થયા છે. નેપાળમાં ૮૦ લાખ લોકોને અસર થઈ છે.

## ચીને ઘાતક મિસાઈલો તૈયાર કરી : અમેરિકાની ઉંઘ હરામ

ન્યુયોર્ક,તા. ૧૮

ઘણા વર્ષો સુધી લઘુત્મ પરમાણુ શક્તિ સુધી મર્યાદિત રહ્યા બાદ હવે શી ઝિનપિંગના નેતૃત્વમાં ચીને લંબા અંતરની અનેક બેલાસ્ટિક મિસાઈલ ફરી એકવાર તૈયાર કરી લીધી છે. અમેરિકાના અખબાર ન્યુયોર્ક ટાઈમ્સે આ અંગેની માહિતી આપી છે. અખબારે કહ્યું છે કે ચીનના આ પગલાથી અમેરિકી પ્રમુખ બરાક ઓબામા પર દબાણ વધી ગયું છે. પ્રશાંત ક્ષેત્રમાં મિસાઈલ સંરક્ષણ પ્રણાલી તૈનાત કરવાના કાર્યક્રમને સ્થગિત કરવા માટે બરાક ઓબામા પર દબાણ વધારી દેવામાં આવ્યું છે. આ અહેવાલમાં કહેવામા આવ્યુ છે કે ચીન દ્વારા કેટલીક મિસાઈલોને વધારે શક્તિશાળી બનાવવાનો નિર્ણય તમામનુ ધ્યાન ખેંચે તેવો રહ્યો છે. કારણ કે હથિયારોના નાના રૂપ તૈયાર કરવા અને ત્રણ અથવા તો વધારે હથિયારોને એક જ મિસાઈલમાં મુકવાની ટેકનોલોજી ચીનની પાસે દશકોથી છે. પરંતુ ચીનના કેટલાક નેતાઓએ જાણી જોઈને આને બિનઉપયોગી બનાવી દીધી હતી. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ચીનના જુના નેતાઓને અમેરિકા અને સોવિયત સંઘ વચ્ચે શીત યુદ્ધ દરમિયાન થયેલી પરમાણુ સ્પર્ધામાં કોઈ રસ ન હતો. એમ માનવામાં આવે છે કે ઝિનપિંગે અલગ રસ્તો અપનાવ્યો છે. ઝિનપિંગ દક્ષિણ ચીન દરિયામાં વિવાદાસ્પદ દ્વિપ પર સૈન્ય વાયુક્ષેત્ર બનાવવા માટે તૈયાર છે. ઝિનપિંગ આને ચીનના વાયુ સંરક્ષણ ઙેત્ર ઘોષિત કરવાના પ્રયાસમાં છે.

## જયલલિતા ચેન્નાઈથી ચૂંટણી લડે તેવી પ્રબળ સંભાવના

ચેન્નાઈ,તા. ૧૮

અન્નાદ્રમુકના નેતા જે જયલલિતા ઉત્તર ચેન્નાઈમાં રાધાકૃષ્ણન નગર (આરકે નગર)માંથી ચૂંટણી લડે તેવી શક્યતા છે. પક્ષના સુત્રોએ કહ્યું છે કે આ બેઠકનુ પ્રતિનિધીત્વ કરનાર ધારાસભ્ય બી. વેટ્રીવેલ દ્વારા આ બેઠક પરથી રાજીનામુ આપી દેવામાં આવ્યું છે. વિધાનસભાના અધ્યક્ષ વી. ધાનાપલ દ્વારા તેમના રાજીનામાને સ્વીકારી લેવામાં આવતા હવે રાજકીય ગરમી વધી ગઈ છે. અન્નાદ્રમુકના ધારાસભ્યોની ૨૨મી મેના દિવસે બેઠક યોજાય તે પહેલા વેટ્રીવેલ દ્વારા રાજીનામુ આપી દેવામાં આવ્યું છે. આ બેઠકમાં જયલલિતા વિધાનસભા પક્ષના નેતા તરીકે ચૂંટાઈ આવે તેવી શક્યતા છે. તમિળનાડુના મુખ્યપ્રધાન તરીકે તેમની ફરી વાપસી માટેનો તખ્તો ગોઠવાઈ ગયો છે. ૨૭મી સપ્ટેમ્બર ૨૦૧૪ના દિવસે બેંગલોરની ખાસ અદાલતે જયાને અપરાધી ઠેરવીને સજા



કરતા તેઓ ધારાસભ્ય તરીકે ગેરલાયક થઈ ગયા હતા અને જયલલિતાને રાજીનામુ આપી દેવાની ફરજ પડી હતી. પરંતુ ૧૧મી મેના દિવસે કર્ણાટક હાઈકોર્ટ દ્વારા જયલલિતાને નિર્દોષ જાહેર કરવામાં આવતા તેમની મુખ્યપ્રધાન તરીકેની વાપસીનો માર્ગ મોકળો થઈ ગયો હતો. જયલલિતાની તાજપોશી માટેનો માર્ગ મોકળો કરી દેવામાં આવ્યો છે. મુખ્યપ્રધાન તરીકે સત્તા સંભાળી લીધા બાદ છ મહિનાની અંદર જયાને ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવવાની જરૂર છે. જો જયા ફરી પેટાચૂંટણી લડશે તો એવી અટકળોનો પણ અંત આવી જશે કે અન્નાદ્રમુક સરકાર નવેસરથી ચૂંટણી લડવા માટે ઈચ્છુક છે. અત્રે નોંધનીય છે કે કર્ણાટક હાઈકોર્ટની ખાસ બેંચે અપ્રમાણ સંપત્તિ કેસમાં ૧૧મી મેના દિવસે તમિળનાડુના પૂર્વ મુખ્યપ્રધાન અને અન્નાદ્રમુકના નેતા જયલલિતાને આવકના જાણીતા સાધનોની સામે અપ્રમાણ સંપત્તિ કેસમાં નિર્દોષ જાહેર કર્યા હતા. હાઈકોર્ટે તમિળનાડુના પૂર્વ મુખ્યપ્રધાન જે. જયલલિલાને આવરી લેતા ૬૬.૬૫ કરોડના ભ્રષ્ટાચારના કેસમાં તેનો ચુકાદો જાહેર કરતાની સાથે જ તેમના સમર્થકોમાં રાહતનુ મોજુ ફેલાઈ ગયું હતુ. કર્ણાટક હાઈકોર્ટે નીચલી કોર્ટના ચુકાદાને બિલકુલ બદલી નાંખ્યો હતો.હાઈકોર્ટે નિચલી કોર્ટના ચુકાદાને રદ કર્યા બાદ જયલલિતાના મુખ્યમંત્રી તરીકેનો માર્ગ મોકળો થયો હતો.

**બેંકો-પીઈ કંપનીઓ સાથે ચર્ચા**

## ૯૦૦ કરોડ ઉભા કરવા સ્પાઈસ દ્વારા ચર્ચા જારી

નવીદિલ્હી,તા. ૧૮

સ્પાઈસ જેટ ડેબ્ટ અથવા ઇક્વિટીમાં ૯૦૦ કરોડ રૂપિયા ઉભા કરવાની યોજના ધરાવે છે. આના માટે ખાનગી ઇક્વિટી કંપનીઓ અને બેંકો સાથે વાતચીત ચાલી રહી છે. આ ફંડનો ઉપયોગ દેવાની ચુકવણી કરવા અને વર્કિંગ કેપિટલ તરીકે રહેશે. સ્પાઈસ જેટમાં જાન્યુઆરીમાં માલિકી બદલાઈ ગઈ હતી. સ્થાપક પ્રમોટર અજયસિંહની ચેરમેન તરીકે ફરી એકવાર વાપસી થઇ છે. ત્યારબાદ ૪૦૦ કરોડ રૂપિયા ઠાલવવામાં આવી ચુક્યા છે. સાથે સાથે સ્પાઈસ જેટમાં વિમાની સંખ્યા પણ વધારવામાં આવી રહી છે. અગાઉ સિંહ સંકેત આપી ચુક્યા છે કે, તેઓ અને અન્ય મૂડીરોકાણકારો એપ્રિલ સુધી ૧૪૦૦ કરોડ રૂપિયા ઠાલવવાની યોજના ધરાવે છે. સ્પાઈસના પ્રવક્તાનું કહેવું છે કે, ફંડિંગની પ્રક્રિયા ચાલી રહી છે. હાલમાં આ મુદ્દે કોઇ ટિપ્પણી કરવા ઇચ્છુક નથી. સ્પાઈસ જેટ ૨૦ બોઇંગ ૭૩૭ અને ૧૫ બોમ્બારડિયર વિમાન ઓપરેટ કરે છે. તે બીજા ૭-૮ બોઇંગ ઉમેરવા ઇચ્છુક છે.

**હરિયાળું હરણોદ્યાન (પાના નં. ૪ નું ચાલુ)**

વરસાદનું જોર વધતું જતું હતું. તેથી ગાયત્રીની શોધમાં વિઘ્ન આવતું હતું. પ્રકૃતિ ઉદ્યાનમાં આવી હાથીખાનામાં જોતાં રાજન એકલો ઉભો ઉભો સુંઢ હલાવતો હતો. તે વારંવાર ડાબી તરફ જોતો હતો. તેથી અમે લોકોએ અનુમાન લગાવ્યું કે હાથણી ગાયત્રી ડાબી બાજુ જ ગઈ હોવી જોઈએ. પણ એ વિસ્તાર તો ગીચ ઝાડીવાળો હતો. વળી વરસાદ સતત પડતો હતો અને અંધકારના કારણે ફૂટ માર્ક પગલાંની કોઈ નિશાની મળે તેમ ન હતું. તેથી અનુમાન કરી ઝાડી કોતરોમાં માણસોને આમતેમ દોડાવીને તપાસ કરવા માંડી પણ એ બધું હવામાં બાંચકા ભરવા જેવું હતું.

ત્રણ ચાર કલાકનો સમય વીતી જવા છતાં કોઈ પત્તો લાગતો ન હતો. હવે શું થશે? તે પ્રશ્ન સૌના ચહેરાની વ્યગ્રતા વધારતો હતો. હાથી રાજન પણ બેચેન હતો. તે શેરડીનાં સાંઠા અને વડનાં પાદડાં ખાઈ લીધા પછી જે ડાળીઓ હતી. તેને વારંવાર અમારી તરફ સુંઢમાં ઢાલીને ફંગોળતો હતો. જાણે કહેતો ન હોય કે જલ્દી કરો મારી ગાયત્રીને શોધી લાવો. તેની આંખોમાં પણ ગાયત્રીની તલાશ જોઈ શકાતી હતી. હાં સાંકળોના બંધનોને કારણે અને પોતાના પગની ખોડને કારણે જઈ સકવા સમર્થ ન હોઈ તે મજબૂર હતો.

એવામાં એક એવા ખબર આવ્યા કે સૌના ચહેરા ચોમાસાના વરસાદથી તાજા તાજા ઘાંસના અંકુરો ઉગી નીકળતાં ધરતી ખીલી ઊઠે તેમ ખીલી ઊઠ્યા.

વાત એમ બનેલી કે ગાયત્રી ગીચ ઝાડી વચ્ચે એક કોતરમાં ચૂપચાપ એવી ઊભી રહેલી કે હલનચલન ન કહેતો કોઈને ખબર પણ ન પડે. પણ અચાનક તેની આંખો પર ટોર્ચનો પ્રકાશ પડતાં તેને હચનચલન કર્યું તેથી મળી ગઈ. રામબહાદુર તો રાજીના રેડ થઈ ગયો. અમે બધાં પણ તેની સાથે જ ચાલ્યા. તે બહુ દૂર ગઈ ન હોતી. હાથીખાનાની પાછળના મોટા કોતરમાં જઈને ઊભી રહી ગયેલી. આ તરફ અમારા માટે તો એવો ઘાટ થયેલો કો 'કેડમાં છોકરું ને શોધવા માટે આખા ગામમાં ઢંઢેરો પીટાઈ ગયેલો.' ગાયત્રી મળી જતાં સૌને હાશ થઈ.

ઘણા લાંબા સમય સુધી રાજન અને ગાયત્રી ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનનું અનેરું આકર્ષણ રહ્યા. બંનેને એકબીજા સામે સુંઢ લંબાવી પ્રેમભરી નજરો જોતા રહ્યાં.

સમય વિતવાની સાથે એક વખત અચાનક રાજન બિમાર પડી ગયો. બે દિવસની સઘન સારવાર છતાં તેને બચાવી શકાયો નહીં. તેની અંતિમવિધિ માટે ક્રેનથી ઊંચકીને લઈ જવાતાં જોઈ ગાયત્રી રડી પડી. તે પછી એ સતત ત્રણ દિવસ રડતી જ રહી. તેના આંસુ સુકાતાં ન હતા. ખોરાક અને પાણી લેવાનું પણ તેને છોડી દીધેલું. છેવટે એ પણ તેના રાજનની પાછળ ચાલી નીકળી. જાણે કે 'એક દૂજે કે લિયે' સાથે જીવવા મરવાના કોલ આપ્યા હોય એમ જ. હાથીખાનાની એ દિવાલોમાં હજુ એ બંનેની ચિંઘાડના પડઘા સંભળાય છે ત્યારે બેચેન બની જવાય છે.

## જનતા પરિવારના મર્જર આડે હજુ અનેક ગૂંચવણ : અહેવાલ

પટણા, તા. ૧૮

જનતા પરિવારના છ પક્ષોને એક કરવાના પ્રયાસો હાલમાં સફળ થાય તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. તેની સાથે કેટલાક પ્રશ્નો રહેલા છે. જનતા પરિવારના મર્જરને લઈને લઈને કેટલીક ગૂંચ રહેલી છે. જનતા દળ યુનાઈટેડના નેતા નિતીશ કુમાર દ્વારા બનતા તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે પરંતુ હાલ સફળતા મળી રહી નથી. લાલૂ યાદવે ફરી એકવાર બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર ઉપર પ્રહારો કર્યા છે જેથી ગઠબંધનને લઈને સસ્પેન્ડની સ્થિતિ બનેલી છે. લાલૂ યાદવ જાહેરરીતે નીતિશકુમાર ઉપર આક્ષેપો કરી રહ્યા છે. નીતિશ સરકાર પર પ્રહારોના લીધે રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં કેવી અસર થશે તેની ચિંતા કરી રહ્યા નથી. બંને પાર્ટીઓના ગઠબંધનને લઈને પણ સસ્પેન્સની સ્થિતિ છે. જેડીયુના એક નેતાએ નામ જાહેર નહીં કરવાની શરતે કહ્યું છે કે, તમામ બાબતો યોગ્ય દેખાઈ રહી નથી. લાલૂ ભૂકંપ અને કમોસમી વરસાદના મામલે સરકારની ટિકા કરી રહ્યા છે. વિધાનસભાની ચૂંટણી માટે કાર્યક્રમ ટુંક સમયમાં જાહેર કરવામાં આવનાર છે ત્યારે મર્જર આંડે કેટલાક પ્રશ્નો રહેલા છે. જેમાં પ્રતિકનો પણ સમાવેશ થાય છે. મર્જરની તમામ બાબતો સમાજવાદી પાર્ટીના નેતા મુલાયમસિંહ સંભાળી રહ્યા છે પરંતુ તેમને સફળતા મળી રહી નથી.

બેઠકોનો દોર પણ ચાલી રહ્યો છે. મર્જરને લઈનેહજુ સુધી કેટલીક ગૂંચ છે. જે દુર કરવામાં સમય લાગી શકે છે. તમામ પક્ષોને એકત્રિત કરી બનનાર પાર્ટીનુ નામ અને અન્ય બાબતો નક્કી કરવાને લઈને તમામ પક્ષો પોત પોતાની વિચારધારા રજૂ કરી રહ્યા છે. લાલુ પ્રસાદ યાદવ જનતા પરિવારના મર્જર પહેલા જેડીયુ અને આરજેડીના મર્જરની તરફેણમાં નથી. અન્ય કેટલીક ગૂંચ અન્ય રાજકીય પક્ષો પણ ધરાવે છે. જો કે સાથે મળીને ચૂંટણી લડવાની વાત ચાલી રહી છે. તેના પર મોટા ભાગે સહમતી દેખાઈ રહી છે. બિહારમાં બાજપની વધતી તાકાતથી અન્ય રાજકીય પક્ષો ભારે હેરાન છે. જાન્યુઆરીના અંતે મળનારી બેઠક પર હવે રાજકીય પક્ષોની નજર રહેશે.જેડીયુ અને આરજેડી વચ્ચે પણ બેઠકોની વહેંચણીને લઈને વિખવાદની સ્થિતી રહેલી છે.

**અતીતની આજ (પાના નં. ૪ નું ચાલુ)**

૧૯૫૪માં ભારતીય વડા પ્રધાન જવાહરલાલ નેહરુ ચીનની મુલાકાતે ગયા. એ પછી છેક ૧૯૮૮માં એમના દોહિત્ર અને ભારતીય વડા પ્રધાન રાજીવ ગાંધી ચીનની મુલાકાતે જનારા બીજા વડા પ્રધાન હતા. ૧૯૯૩માં વડા પ્રધાન પી. વી. નરસિંહ રાવ અને ૨૦૦૩માં વડા પ્રધાન અટલબિહારી વાજપેયી ચીનની મુલાકાતે ગયા હતા. એમના અનુગામી ડૉ.મનમોહન સિંહ ૨૦૧૩માં ચીનની ત્રિદિવસીય મુલાકાતે ગયા પછી વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ત્રિદિવસીય ચીન મુલાકાત યોજાતી હોય ત્યારે બેઉ દેશો વચ્ચે સંબંધ સુધારવાની કવાયતનું સાતત્ય જોવા મળે છે. વાજપેયી ચીન ગયા ત્યારે ચીની વિદ્યાર્થીઓ સમક્ષ કવિ તરીકે પેશ થયા હતા અને ભારતીય બાબતોના અભ્યાસ કેન્દ્રનો શુભારંભ કરીને આવ્યા હતા. વડાપ્રધાન મોદી પણ કવિહૃદય છે. એ ચીનમાં મહાત્મા ગાંધી કેન્દ્રનો શુભારંભ કરાવીને 'તોપના નાળચામાંથી સત્તાને પ્રગટતી નિહાળનાર' માઓ ઝેડાંગના ચીનને અહિંસાનો સંદેશ આપવાનો સંકલ્પ કર્યો હોય એવું લાગ્યા વિના રહેતું નથી. વર્ષ ૨૦૧૧માં ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ચીનના પ્રવાસે ગયેલા અને ગુજરાત સાથે ચીનનાં ઘણાં એમઓયુ કરાવવામાં સફળ રહેલા વડા પ્રધાન નરેન્દ્ર દામોદરદાસ મોદી ૧૯ મેના રોજ સ્વદેશ પાછા ફરે ત્યારે ૧૪મેથી શરૂ થયેલી ત્રિદેશીય પ્રવાસની ઉપલબ્ધિઓ અંગે સમગ્ર દેશને માહિતગાર કરીને સંબંધોના નવા સેતુ સ્થાપિત કર્યાના સંકેત આપે એવી અપેક્ષા કરીએ. ચીને જમ્મૂ-કાશ્મીર અને અરુણાચલ પ્રદેશ વિનાના ભારતના નકશાને એનાં પ્રસાર માધ્યમોમાં વડાપ્રધાન મોદીની ચીન મુલાકાતે ટાણે જ દર્શાવવાની દાખવેલી ગુસ્તાખી અંગે ભારત તરફથી વિરોધ નોંધાવાયો કે મૌન સેવવામાં આવ્યું એની સ્પષ્ટતા પણ વડાપ્રધાને કરવી રહી. માત્ર પ્રાચીન સંસ્કૃતિઓ અને કૈલાસ માનસરોવરના જૂન ૨૦૧૫થી શરૂ થનારા નવા રૂટને બીજિંગની લીલી ઝંડી મળ્યા માત્રથી સંતોષ માની લેવાની જરૂર નથી.